ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Referred E-Journal

# સર્જનાત્મક લેખકોનું મનોવિશ્લેષણ

ડૉ. જીજ્ઞેશ ઉપાધ્યાય

અધ્યક્ષ, ગુજરાતી વિભાગ

ધર્મેન્દ્રસીંહજી આર્ટ્સ કોલેજ, રાજકોટ

(૧) પ્રસ્તાવના

બીજા વિશ્વયુદ્ધ પછી મનોવૈજ્ઞાનિકોને એ અદ્‌ભુત યોગ્યતા અને શક્તિનું સંશોધન કરવા તરફ આકર્ષણ થયું; જે શક્તિ વ્યક્તિને નવા સંશોધન કરવા માટે, સમસ્યાઓનો ઉકેલ શોધવામાં તથા જીવનને સુખમય બનાવવા મદદ કરે છે. આ અદ્‌ભુત યોગ્યતાને જ સર્જનાત્મકતા નામ આપવામાં આવ્યું. આ સર્જનાત્મકતા માનવ, સમાજ, દેશ અને જાતિના વિકાસ અને પ્રગતિ માટે મોટો ફાળો આપે છે. મોટેભાગે એક એવી માન્યતા છે કે, લેખક, કવિ, ચિત્રકાર, સંગીતકાર, વૈજ્ઞાનિક, ફિલ્મ અભિનેતા વગેરે જ સર્જનશીલ વ્યક્તિ હોય છે. આધુનિક મનોવૈજ્ઞાનિકો આ માન્યતાને સ્વીકારતા નથી કારણ કે, તેઓના અનુસાર સર્જનાત્મકતા કોઇ પણ ક્ષેત્રમાં પોતાની સુખદ અસર દેખાડી શકે છે. અધ્યાપક, ક્લાર્ક, શ્રમિક, માતા, રસોઇયા, ખેડુત વગેરે પોતાના ક્ષેત્રમાં સર્જનશીલ હોય છે. જેના અનેક ઉદાહરણો સમાજમાં મોજુદ છે.

ફ્રોઇડના મતે લેખકો જે સર્જન કરે છે તેની પાછળ તેનું ઉર્ધ્વીકરણ જવાબદાર હોય છે. વ્યક્તિ પોતાનો કોઇ પણ વિચાર કે વાત જ્યારે પોતાની રીતે સમાજમાં રજૂ કરી શકતી નથી ત્યારે પોતાની ઇચ્છાને સમાજ સ્વીકૃત બનાવવા વ્યક્તિ લેખન-પ્રવૃતિ દ્વારા, વાર્તાઓમાં, કાવ્યોમાં અથવા બીજી કલાની પ્રવૃતિ જેવી કે ચિત્રકલા, શિલ્પકલા વગેરેમાં વ્યક્ત કરે છે. યુંગના મતે જ્યારે કોઇપણ જરૂરિયાત વાસ્તવિક રીતે સંતોષવી શક્ય ન હોય તો તેના ભૌતિક સ્વરૂપને માનસિક સ્વરૂપ આપીને વ્યક્તિ તેને વધારે ઉચ્ચ કક્ષાના ધ્યેયથી સંતોષવાનો પ્રયત્ન કરે છે. માનસિક પ્રવૃતિઓ ભૌતિક પ્રવૃતિઓ કરતા વધારે ઊંચી કક્ષાની હોય છે. વ્યક્તિને જ્યારે તેની કોઇ ભૌતિક પ્રવૃતિમાં અવરોધ આવે ત્યારે પોતાની શક્તિ અન્ય કોઇ ભૌતિક પ્રવૃતિ તરફ ન વળતા માનસિક પ્રવૃતિ તરફ વાળે તો આ પ્રક્રિયાને ઉર્ધ્વીકરણ કહેવાય છે. અહીં સાહિત્યકારો પોતાની આક્રમક વૃતિની અભિવ્યક્તિ ઉત્તમ સાહસકથાઓ અને જાસૂસકથાઓ લખીને કરે છે અને એ રીતે કંઇક નવું સર્જન કરીને સંતોષ મેળવે છે.

(૨) સર્જનાત્મતાનો અર્થ :

૧. "જે વિચારક્રિયા નોંધપાત્ર રીતે નવા વિચારો, ખ્યાલો, શોધો અને કલાકૃતિઓ ઉપજાવે છે તે વિચારક્રિયાને સર્જનાત્મક વિચારણા કહી શકાય." – ડી. એચ. ફાયર

૨. "જો કોઈ પ્રક્રિયાના પરિણામે કોઈ નવીન કાર્ય સંપન્ન થાય છે તથા કોઈ અમુક સમય માટે તે કોઈ સમૂહ વિશેષ દ્વારા સંતોષ પ્રિય, ઉપયોગી અને લાભકારી સમજીને સ્વીકારી લેવામાં આવે છે, તો તે પ્રક્રિયા અવશ્ય સર્જનાત્મક હશે" – સ્ટીન

૩. "સર્જનાત્મકતા માનવીની એવી યોગ્યતા છે જેના દ્વારા તે કોઈ રચના અથવા નવીન વિચાર પ્રસ્તુત કરે છે." – જે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Referred E-Journal

ઈ. ડ્રેહલ

૪. "સર્જનાત્મક ચિંતન રિક્તતાઓ, ભૂલ તથા અપ્રાપ્ય અને અલભ્ય તત્વોને સમજવાની, તેના વિષે ધારણા કરવાની તથા અનુમાન લગાવવાની, ધારણાની ચકાસણી કરવાની, પરિણામોને અન્ય સુધી પહોંચાડવાની તથા ધારણાઓની પુનઃ ચકાસણી કરીને તેમાં સુધારણા કરવાની પ્રક્રિયા છે" – ઈ. પી. ટોરેન્સર્

(૩) સર્જક વિચારણાની વ્યાખ્યાઃ

"સર્જક વિચારણા એટલે નવીન તેમજ યોગ્ય (પરિસ્થિતિમાં બંધબેસતી, અસરકારક) કૃતિનું નિર્માણ કરવાની શક્તિ. અનુભવમાં આવતી વિગતો વચ્ચેના સંબંધો અંગે અલાક્ષણિક, છતાં સંભવી શકે એવા વિચારો કરવાની પ્રક્રિયા તે સર્જક વિચારણા" – ડેવિસ

(૪) સર્જનાત્મતાના અર્થની સમજૂતી :

સર્જનાત્મકતાને વારસો તથા વાતાવરણ બંને અસર કરે છે. આ યોગ્યતા બાલ્યાવસ્થાથી લઇને કોઈપણ ઉંમરની વ્યક્તિઓમાં જોવા મળે છે. સર્જનાત્મકતા એવી એક યોગ્યતા છે જે કોઈ સમસ્યાના વિદ્વતાપૂર્ણ ઉકેલ માટે નવીનતમ પદ્ધતિઓ અને સ્થિતિઓની સહાય લે છે. અહીં વ્યક્તિના રચનાત્મક ઉત્પાદન કે નીપજમાં મૌલિકતા, પ્રવાહતા, લચીકતા વગેરે ઘટકો સામેલ હોય છે. આમ, સર્જનાત્મકતાની લોકપ્રિય વ્યાખ્યાઓમાં ભાર મૂકવામાં આવે છે કે સર્જનાત્મકતામાં કંઇક નવી અને અલગ વસ્તુ કે બાબતનું નિર્માણ થાય છે, આથી વ્યક્તિની નીપજ અથવા તેની રચના વડે સર્જનાત્મકતાનું માપન કરી શકાય છે, પરંતુ હંમેશાં એ જરૂરી નથી કે સર્જનાત્મકતાથી કંઇક રચના કે નીપજ થાય.

(૫) સર્જન-વિચારણાનું સ્વરૂપઃ

૧. સર્જનાત્મક વિચારણા પરિસ્થિતિને અનોખી રીતે જોવાની અને સમજવાની બોધાત્મક ક્રિયા છે.

૨. આવી વિચારણા કરનાર માણસ નવી રીતે વિચારે છે. તેનો અમલ કરે છે. એ દ્વારા નવી વસ્તુ સર્જે છે.

૩. આવી વિચારણા મૌલિક હોય છે. તેમાં બીજાઓ પાસેથી ઉછીના લીધેલા કે ઉઠાંતરી કરેલા વિચારો હોતા નથી.

૪. આવી વિચારણામાં સંબંધોને નવા દૃષ્ટિકોણથી જોવામાં આવે છે.

૫. આવા વિચારો અનોખા હોવા છતાં ઢંગધડા વિનાના કે અવાસ્તવિક હોતા નથી, તેને વ્યવહારમાં ઉતારી શકાય છે.

૬. પહેલી નજરે સર્જનાત્મક વિચારો સ્વયંસ્કુર્ત અને અચાનક ઊપજતા હોય એવું લાગે છે. પણ ખરેખર તો વ્યક્તિએ પરિસ્થિતિ વિશે ઊંડો, ઘનિષ્ઠ વિચાર કર્યો હોય અને ખૂબ મનોમંથન કર્યું હોય તે પછી જ નવો વિચાર અણધાર્યો સ્ફુરે

છે. ટૂંકમાં ઝાયગાર્નિક અસર હોય છે.

(૬) સર્જનાત્મતાની વિશેષતાઓઃ

હરલોકના અનુસાર સર્જનાત્મકતાની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છેઃ

૧. સર્જનાત્મકતા એક પ્રકિયા કે યોગ્યતા છે, નીપજ નથી.

૨. સર્જનાત્મકતાની પ્રક્રિયા લક્ષ્ય નિર્દેશિત હોય છે. તે વ્યક્તિ માટે લાભદાયક હોય છે અથવા સમૂહ અને સમાજ માટે લાભદાયક હોય છે.

૩. સર્જનાત્મકતા મૌખિક હોય કે લેખિત, મૂર્ત હોય કે અમૂર્ત, દરેક અવસ્થામાં વ્યક્તિ માટે તે અભૂતપૂર્વ હોય છે. તે કોઈ નવા અને ભિન્ન ઉત્પાદનનું માર્ગ નિર્દેશન કરે છે.

૪. સર્જનાત્મકતા વિકેન્દ્રિત ચિંતનના પરિણામે ઉત્પન્ન થાય છે.

૫. સર્જનાત્મકતા ચિંતનની એક રીત છે. તે બુદ્ધિનો પર્યાય નથી.

૬. સર્જનાત્મકતા એક પ્રકારની નિયંત્રિત કલ્પના છે. જેનાથી કોઈ ને કોઈ પ્રકારની સિદ્ધિને માટે નિર્દેશ પ્રાપ્ત થાય છે.

( ૭ ) સર્જનાત્મતાના પાસાઃ

સર્જનાત્મકતાના વિભિન્ન પાસા કે તત્વો કે પરિણામોનું અધ્યયન ગિલફોર્ડ, ટોરેન્સ, વર્નન વગેરે મનોવૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવ્યું છે. તેઓના અધ્યયનોથી સ્પષ્ટ થયું છે કે સર્જનાત્મકતાના નીચે મુજબ ચાર પાસા છે.

૧. વાહકતાઃ વાહકતાનો સંબંધ અનેક પ્રકારના વિચારોની ખુલ્લી અભિવ્યક્તિ સાથે હોય છે. ઉપરોક્ત મનોવૈજ્ઞાનિકોના અનુસાર વાહકતાનો સંબંધ શબ્દ સાહચર્ય સ્થાપિત કરવા સાથે તથા શબ્દોની અભિવ્યક્તિ કરવા સાથે હોય છે. આ પાસું લેખક કે સાહિત્યકારમાં સવિશેષ જોવા મળે છે.

૨. લચીકતાઃ તેનો સંબંધ સમસ્યાના ઉકેલ માટે વિભિન્ન રીતો અને પદ્ધતિઓને અપનાવવાની શક્તિ સાથે હોય છે. તેનાથી ખબર પડે છે કે વ્યક્તિ સમસ્યાનું કેટલી રીતે સમાધાન કરે છે. આ પાસું લેખક કે વૈજ્ઞાનિકમાં સવિશેષ જોવા મળે છે.

૩. મૌલિકતાઃ મૌલિકતાનો સંબંધ સમસ્યા ઉકેલ માટે વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ પ્રતિક્રિયાઓમાં રહેલાં અનોખાપણાં સાથે હોય છે. જ્યારે વ્યક્તિ સમસ્યાના ઉકેલના રૂપમાં એક બિલકુલ નવી જ અનોખી અને ઉપર્યુક્ત પ્રતિક્રિયા કરે છે તો

એવું માનવામાં આવે છે કે તેનામાં મૌલિકતાનો ગુણ છે.

૪. વિષય-વિસ્તારઃ વિચારોને સાર્થક રીતે વધારીને વિસ્તાર કરવાની શક્તિને વિષય વિસ્તાર કહેવામાં આવે છે. તેમાં વ્યક્તિ ઉત્કૃષ્ટ વિચારોને એક સાથે સંગઠિત કરીને તેનો અર્થમય રીતે વિસ્તાર કરે છે. અને પુનઃ નવા વિચારોને જન્મ આપે છે, આ પાસું લેખક કે સાહિત્યકારમાં સવિશેષ જોવા મળે છે.

( ૮ ) સર્જનાત્મક ચિંતનઃ

સર્જનાત્મક ચિંતન એ ચિંતનનો એક મુખ્ય પ્રકાર છે. સર્જનાત્મક ચિંતન ઘણા અર્થમાં પ્રયોજવામાં આવે છે. સર્જનાત્મક ચિંતનનો સૌથી લોકપ્રિય અર્થ ગિલફર્ડ દ્વારા બતાવવામાં આવ્યો છે. તેણે ચિંતનને બે ભાગોમાં વહેચ્યું છે.

૧. કેન્દ્રાભિસારી ચિંતન ૨. વિકેન્દ્રી ચિંતન

કેન્દ્રાભિસારી ચિંતનમાં વ્યક્તિ આપવામાં આવેલ તથ્યોના આધારે કોઈ સાચા નિષ્કર્ષ પર પહોંચવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારના ચિંતનમાં વ્યક્તિ એક રૂઢિવાદી રીત અપનાવીને અર્થાત સમસ્યા સંબંધી આપવામાં આવેલ માહિતીના આધારે તેનો ઉકેલ મેળવે છે. વિકેન્દ્રી ચિંતન તેનાથી ભિન્ન હોય છે. આ પ્રકારના ચિંતનમાં વ્યક્તિ ભિન્ન ભિન્ન દિશાઓમાં ચિંતન કરી સમસ્યાનો ઉકેલ મેળવવાનો પ્રયત્ન કરે છે. જ્યારે તે ભિન્ન ભિન્ન દિશાઓમાં ચિંતન કરે છે તો સ્વભાવગતઃ તે સમસ્યાના કેટલાંય સંભવિત ઉત્તરો વિશે વિચારે છે અને પોતાની તરફથી અમુક નવી અને મૂળ ચીજોને જોડવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારના ચિંતનની એક વધુ વિશેષતા એ છે કે તેમાં વ્યક્તિ આસાનીથી અને પૂર્વ સુનિશ્ચિત ચરણો અનુસાર ચિંતન નથી કરી શકતી કારણ કે તેને અમુક નવું અને મૂળ ચિંતન કરવાનું હોય છે. જ્યારે કેન્દ્રાભિસારી ચિંતનમાં વ્યક્તિ બહુ જ આસાનીથી એક પૂર્વનિશ્ચિત ક્રમમાં ચિંતન કરી લે છે.

"સર્જનાત્મક ચિંતન અથવા સર્જનાત્મકતા વ્યક્તિની એ ક્ષમતાને કહેવામાં આવે છે જેનાથી તે એવી નવી ચીજો, રચનાઓ કે વિચારોને પેદા કરે છે અને જે અગાઉથી તેને જ્ઞાત નથી હોતા. તે એક કાલ્પનિક ક્રિયા કે ચિંતન સંશ્લેષણ હોઈ શકે છે. તેમાં પૂર્વ અનુભવોથી ઉત્પન્ન માહિતીઓની એક નવી ભાત અને સંમિશ્રણ સામેલ હોઈ શકે છે. તે નિશ્ચિત રૂપથી ઉદ્દેશ્યપૂર્ણ અથવા લક્ષ્ય નિર્દેશિત હોય છે કે નહિ એ એક નિરાધાર સ્વપ્નચિત્ર હોય છે. તે વૈજ્ઞાનિક, કલાત્મક અથવા સાહિત્યિક રચનાના રૂપમાં હોઈ શકે છે."

૧. સર્જનાત્મક ચિંતન એક એવી પ્રક્રિયા છે કે જે લક્ષ્ય નિર્દેશિત હોય છે. તેમાં વ્યક્તિને લક્ષ્ય નિશ્ચિત રીતે ખબર હોય છે અને તેનું પ્રત્યેક વર્તન તે લક્ષ્ય સાથે સંબંધિત હોય છે. વ્યક્તિ આ રીતનું વર્તન પોતાના વ્યક્તિગત કે સામૂહિક લાભ

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Referred E-Journal

માટે પણ કરે છે.

૨. સર્જનાત્મક ચિંતનમાં વ્યક્તિ અમુક નવી અને ભિન્ન ચીજોની રચના કરે છે. આવી રચના તે વ્યક્તિ માટે પણ અનોખી હોય છે. આ પ્રકારની અનોખી રચના શાબ્દિક, અશાબ્દિક, મૂર્ત કે અમૂર્ત હોઈ શકે છે.

૩. સર્જનાત્મક ચિંતનમાં વ્યક્તિ સમસ્યાના ભિન્ન ભિન્ન પાસા પર ભિન્ન ભિન્ન દિશાઓમાં ચિંતન કરે છે. આ રીતે ભિન્ન દિશાઓમાં ચિંતન કરવાની ક્ષમતાને વિકેન્દ્રી ચિંતન પણ કહેવામાં આવે છે. આ કારણે જ સર્જનાત્મક ચિંતનમાં વિકેન્દ્રી ચિંતન સામેલ થયેલું માનવામાં આવે છે.

૪. સર્જનાત્મક ચિંતન, ચિંતનની એક વિશિષ્ટ રીત છે. તે બુદ્ધિથી એક અલગ ખ્યાલ છે કારણ કે બુદ્ધિમાં સર્જનાત્મક ચિંતન ઉપરાંત પણ અન્ય માનસિક ક્ષમતાઓ સામેલ હોય છે.

૫. સર્જનાત્મક ચિંતન કરવાની ક્ષમતા વ્યક્તિ દ્વારા પહેલેથી પ્રાપ્ત સાર્થક જ્ઞાન પર નિર્ભર કરે છે. આ સાર્થક જેટલું અધિક હશે, સર્જનાત્મક ચિંતનની ક્ષમતા એટલી જ અધિક હશે.

૬. સર્જનાત્મક ચિંતનમાં સ્વકેન્દ્રી ચિંતન નિયંત્રિત રીતે સામેલ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો સર્જનાત્મક રીતે વિચારતી વખતે વ્યક્તિ અમુક અર્થપૂર્ણ કલ્પના કરે છે. આ અર્થપૂર્ણ કલ્પનાનું જ પરિણામ હોય છે કે વ્યક્તિ અમુક વૈજ્ઞાનિક લેખો, સાહિત્યયિક રચના કરી શકે છે.

૭. સર્જનાત્મક ચિંતનમાં અમુક હદ સુધી કેન્દ્રાભિસારી ચિંતન પણ સામેલ હોય છે. કેન્દ્રાભિસારી ચિંતન કરીને વ્યક્તિ અમુક એ પ્રકારની માહિતીઓ અને સામગ્રીઓને એકઠી કરે છે કે જેનાથી તેને રચનાત્મક અથવા સર્જનાત્મક ઉકેલમાં મદદ મળે છે.

( ૯ ) સર્જનાત્મક ચિંતનની અવસ્થાઓ:

મનોવૈજ્ઞાનિકોના મત અનુસાર વ્યક્તિ સામાન્ય ચિંતન દ્વારા કોઈ સમસ્યાનો ઉકેલ મેળવી રહ્યો હોય કે સર્જનાત્મક રીતે ચિંતન કરતો હોય, તેનામાં નીચેની ચાર અવસ્થાઓ હોય છે.

૧. આયોજન: સર્જનાત્મક ચિંતનમાં કે કોઈ સમસ્યાના ઉકેલમાં આયોજન સૌથી પહેલી અવસ્થા હોય છે. આ અવસ્થામાં સમસ્યા સાથે સંબંધિત આવશ્યક તથ્યો અને પ્રમાણોને એકત્રિત કરવાની તૈયારી કે આયોજન કરવામાં આવે છે. સમસ્યાને સારી રીતે વ્યાખ્યાયિત કરવા માટે તેના પક્ષ-વિપક્ષના પ્રમાણ એકત્રિત કરવામાં આવે છે. આવું કરવામાં તે પ્રયત્ન અને ભૂલોનો સહારો પણ લે છે. આ રીતે પ્રત્યેક રચનાત્મક ચિંતનમાં વ્યક્તિ વિભિન્ન પ્રકારના તથ્યો અને પ્રમાણોને એકત્રિત કરવાનું આયોજન કરે છે. સમસ્યાના સ્વરૂપ તથા વ્યક્તિના જ્ઞાનની અનુસાર આ અવસ્થા લાંબી કે

ઓછા સમય માટેની હોય છે. આ અવસ્થા ઉપર વ્યક્તિની ઉંમર તથા બુદ્ધિની પણ અસર પડે છે.

૨. મનોમંથનઃ કોઈ પણ સર્જનાત્મક ચિંતન અથવા સમસ્યા વર્તનની બીજી અવસ્થા મનોમંથનની હોય છે. આ અવસ્થામાં વ્યક્તિમાં નિષ્ક્રિયતા વધી જાય છે અને થોડા સમય માટે તે સમસ્યાના વિશે ચિંતન કરવાનું છોડી દે છે. જ્યારે કેટલાય પ્રકારે પ્રયત્નો કરવા છતાં પણ કોઈ સમસ્યાનો ઉકેલ નથી મળતો, તો આ અવસ્થાની ઉત્પત્તિ થાય છે. આ અવસ્થામાં વ્યક્તિ સમસ્યાના ઉકેલ વિશે ચિંતન કરવાનું છોડી દે છે અથવા વિશ્રામ કરવા લાગે છે. પેટ્રીકના અનુસાર કવિઓ તથા સાહિત્યકારોના સર્જનાત્મક ચિંતનમાં મનોમંથનની અવસ્થા હોય છે.

૩. પ્રબોધઃ આ અવસ્થામાં અચાનક વ્યક્તિને સમસ્યાનો ઉકેલ દેખાઈ આવે છે. આ અવસ્થા પ્રત્યેક કવિઓ, સાહિત્યકારોના ચિંતનમાં જોવા મળે છે. મનોમંથન અવસ્થામાં જ્યારે વ્યક્તિ અચેતન રીતે સમસ્યાના ભિન્ન ભિન્ન પાસાઓને પણ પૂર્ણ/પુનઃ સંગઠિત કરતો રહે છે ત્યારે અચાનક તેને તે સમસ્યાનો ઉકેલ નજરે પડે છે. પ્રબોધની આ ઘટના આંતરસૂઝની સમાન છે. કોહલરના આંતરસૂઝ દ્વારા સમસ્યા ઉકેલ અંગેના પ્રયોગો આ બાબતને સમર્થન પૂરું પાડે છે.

૪. ચકાસણી કે સંશોધનઃ ચકાસણી અથવા સંશોધન સર્જનાત્મક ચિંતનું કે સમસ્યા ઉકેલની ચોથી અવસ્થા છે. આ અવસ્થામાં પ્રબોધની અવસ્થામાંથી પ્રાપ્ત ઉકેલ અથવા નિષ્કર્ષની તપાસ કે મૂલ્યાંકન કરવામાં આવે છે. આ અવસ્થામાં વ્યક્તિ પ્રથમ એ જોવાની કોશિશ કરે છે કે તેને જે ઉકેલ પ્રાપ્ત થયો છે તે ઠીક છે કે નહિ. તપાસ કર્યા બાદ વ્યક્તિ જ્યારે એવા નિષ્કર્ષ ઉપર પહોંચે છે કે ઉકેલ કે નિષ્કર્ષ સાચો ન હતો, તો તે સંપૂર્ણ કાર્યવિધિનું સંશોધન કરે છે અને પુનઃ એક બીજા ઉકેલની ખોજ કરે છે.

VIDHYAYANA

(૧૦) બુદ્ધિ અને સર્જનાત્મકતા વચ્ચેનો સંબંધઃ

બુદ્ધિ તથા સર્જનાત્મકતા બંને અલગ અલગ ખ્યાલો છે. તેમ છતાં બંને વચ્ચે ઊંડો સંબંધ છે. સર્જનાત્મકતામાં વ્યક્તિ કોઈ નવા અને મૌલિક તથ્ય કે હકીકતને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. મનોવૈજ્ઞાનિકોએ પોતાના અધ્યયનોના આધારે એવું બતાવ્યું કે ઊંચી બુદ્ધિવાળા વ્યક્તિમાં સર્જનાત્મકતા નિશ્ચિત રીતે વધુ જ હોય છે. મનોવૈજ્ઞાનિકોએ પોતાના અધ્યયનોમાં જોયું કે ૧૧૦-૧૨૦ની બુદ્ધિલબ્ધિ સુધી સર્જનાત્મકતા તથા બુદ્ધિ વચ્ચે વિધાયક સહસંબંધ હોય છે. તેનો અર્થ એ થયો કે બુદ્ધિલબ્ધિના આ સ્તર સુધી બુદ્ધિ વધવાની સાથેસાથે સર્જનાત્મકતા પણ વધે છે અને બુદ્ધિ ઘટવાથી સર્જનાત્મકતામાં પણ ઘટાડો થાય છે. જ્યારે બુદ્ધિલબ્ધિ ૧૨૦થી ઉપર હોય છે જેમ કે ૧૩૦, ૧૪૦ થઈ જાય છે તો આવા વ્યક્તિઓમાં બુદ્ધિ વધવાની સાથે સર્જનાત્મકતામાં કોઈ વધારો થતો નથી.

૧. સર્જનાત્મકતા માટે બુદ્ધિનું એક સાધારણ સ્તર (જેમ કે બુદ્ધિનું ૧૦૦-૧૨૦ સુધી હોવું) અનિવાર્ય છે કારણ કે બુદ્ધિલબ્ધિ

આ સીમાથી નીચે હોય તો સર્જનાત્મકતામાં પણ ઘટાડો આવે છે.

૨. બુદ્ધિ પ્રાપ્તાંકના વિતરણના ઉચ્ચ છેડા પર સર્જનાત્મકતાનો સંબંધ બુદ્ધિ સાથે સમાપ્ત થઈ જાય છે. આથી આવી અવસ્થામાં સર્જનાત્મકતા બુદ્ધિથી સ્વતંત્ર થઈ જાય છે.

આમ, એક ખાસ સીમા સુધી સર્જનાત્મકતા તથા બુદ્ધિ એકબીજા સાથે સંબંધિત હોય છે. પરંતુ આ સીમા પછી વ્યક્તિની સર્જનાત્મકતા બુદ્ધિથી સ્વતંત્ર થઈ જાય છે. વ્યવહારમાં પણ આપણે જોઈએ છીએ કે અમુક વ્યક્તિઓમાં ઉચ્ચ સર્જનાત્મકતા હોય છે પરંતુ તેનું બૌદ્ધિક સ્તર સાધારણ હોય છે. જ્યારે ઘણી બધી વ્યક્તિ એવી પણ જોવા મળે છે કે જેઓનું બૌદ્ધિક સ્તર ઊંચું હોય છે પણ તેઓમાં ઉચ્ચ સ્તરની સર્જનાત્મકતા નથી જોવા મળતી કારણ કે ઉચ્ચ બૌદ્ધિક સ્તર અને ઉચ્ચ સર્જનાત્મકતાનું સાથે સાથે ચાલવું બુદ્ધિ ઉપરાંત અન્ય બાહ્ય ઘટકો પર પણ નિર્ભર છે. સર્જનાત્મકતા માટે બુદ્ધિ ઉપરાંત અન્ય તત્વોની પણ જરૂરિયાત હોય છે. ઘણા લેખકો, સાહિત્યકારો, સર્જકો, એન્જિનિયરો વગેરેમાં સર્જનાત્મકતા અધિક માત્રામાં હોય છે, પરંતુ જરૂરી નથી કે તેઓમાં બુદ્ધિ પણ અધિક માત્રામાં જ હોય. જો કે સર્જનાત્મકતા શૂન્યમાં ક્રિયાશીલ નથી થઈ શકતી, તેમાં અગાઉ શીખેલ જ્ઞાનનો ઉપયોગ થાય છે. આ જ્ઞાનનો ઉપયોગ બૌદ્ધિક શક્તિઓ સાથે સંબંધિત છે, આથી સર્જનાત્મકતા અને બુદ્ધિનો એક ચોક્કસ સીમા સુધી સમન્વય સ્વાભાવિક છે.

( ૧૧ ) સર્જક અને સામાન્ય વ્યક્તિ વચ્ચે સામ્યતા અને ભેદઃ

સર્જક અને સામાન્ય વ્યક્તિ વચ્ચે લક્ષણો કરતાં લક્ષણોના પ્રમાણભેદ વધુ અસરકારક પરિબળ જણાય છે. અહીં નીચે દર્શાવેલ લક્ષણો સર્જકમાં વિશેષતઃ જોવા મળે છે.

૧. બુદ્ધિઃ સર્જનાત્મકતાનો બુદ્ધિ સાથે ઊંડો સંબંધ છે. ઓછી બુદ્ધિવાળી વ્યક્તિમાં સર્જનાત્મક ચિંતન નહીં બરાબર હોય છે, પરંતુ તેનો અર્થ એ નહીં કે બધી અધિક બુદ્ધિવાળી વ્યક્તિમાં સર્જનાત્મકતા હોય જ. ૧૧૦ ૧૨૦ બુદ્ધિલબ્ધિ સુધી સર્જનાત્મકતા તથા બુદ્ધિ વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળે છે, પરંતુ ત્યારબાદ બુદ્ધિઆંક વધે તેમ સર્જનાત્મકતા વધતી નથી.

૨. સ્વતંત્રતાઃ સર્જનાત્મક વિચારકના વિચારો તથા ક્રિયાઓમાં સ્વતંત્રતા જોવા મળે છે. આવી વ્યક્તિઓ એ બાબતની પરવા નથી કરતા કે તેના વિચાર કે તેના દ્વારા કરવામાં આવતી ક્રિયાઓ અન્ય વ્યક્તિના વિચાર કે ક્રિયાઓ સાથે મળતી આવે છે.

૩. રમૂજવૃતિઃ સર્જનાત્મક વિચારકની એક વિશેષતા એ પણ જોવા મળી છે કે તેઓ કોઈ ઘટના, ચીજ કે વસ્તુઓને બહુ ગંભીરતાપૂર્વક નથી લેતા, પરંતુ તેનું અર્થઘટન હાસ્યમય ઢંગથી કરે છે. અધિક બુદ્ધિમાન વ્યક્તિમાં આ વૃત્તિ ઓછી હોય છે.

૪. નવીનતા તથા જટિલતામાં અભિરુચિઃ સર્જનાત્મક વિચારક હંમેશાં કોઈ નવીન કે જટીલ સમસ્યાના ઉકેલમાં અધિક રુચિ બતાવે છે. આવા લોકોને કોઈ રૂઢિવાદી ઉકેલમાં આનંદ નથી આવતો. તેઓ હંમેશાં એવો પ્રયત્ન કરે છે કે પોતાના ચિંતનના આધારે કોઈ નવી ઘટના કે ચીજની શોધ કરે.

૫. સ્વગ્રહી તથા પ્રબળઃ સર્જનાત્મક વિચારક ઘણો સ્વગ્રહી હોય છે. બીજા શબ્દોમાં આવી વ્યક્તિ પોતાના વિચારોને ખુલ્લી રીતે અભિવ્યક્ત કરે છે. તથા ઘણા જોરદાર શબ્દોમાં તેના વિશે તર્ક પ્રસ્તુત કરે છે. તેનામાં પ્રબળતાનો ગુણ હોય છે. આવા વ્યક્તિ હંમેશાં પોતાના વિચારો અને વર્તનોનું પ્રભુત્વ બીજા ઉપર બતાવે છે, કારણ કે તાર્કિક ક્ષમતા અધિક વિકસિત હોય છે.

૬. દમનનો ઓછામાં ઓછો ઉપયોગઃ આવી વ્યક્તિ પોતાની ઇચ્છાઓ અને વિચારોનું દમન ન કરતાં તેને એક ઠોસ મૂર્તરૂપ જલ્દી આપવાનું વિચારે છે.

(૧૨) વ્યક્તિત્વ પ્રકાર અને સર્જનાત્મકતાઃ

૧. વ્યક્તિત્વ પ્રકારનો અભિગમઃ

(અ) પ્રાચીન પ્રકારોઃ- સાત્વિક ગુણ ધરાવતા વ્યક્તિઓની વિચારસરણી કંઈક અલગ પ્રકારની દિશામાં કામ કરતી હોવાથી તેનામાં સર્જનાત્મકતા રાજસી અને તામસી વ્યક્તિ કરતાં વધુ જોવા મળે છે. સાથે વાતપ્રકૃતિવાળા માણસો વધુ ને વધુ સક્રિય હોવાને કારણે તેઓ અલગ અલગ વિષય ઉપર સાહિત્યિક રચનાઓ લખતા હોય છે, હિપોક્રેટિસે આપેલા પિત્તપ્રધાન પ્રકૃતિ પ્રકાર ધરાવતી વ્યક્તિમાંથી રક્ત પ્રભાવી ધરાવતી વ્યક્તિ મોટાભાગે પોતાની કૃતિ હાસ્ય માટે, આનંદ માટે કે સમાજને ખુશ કરવા માટેની હોય છે. પીળું પીત્ત ધરાવતી વ્યક્તિની કૃતિ હિંસકતા, મારામારી અને આક્રમકતા ઉપર રચાયેલી જોવા મળે છે.

(બ) ક્રેશમર અને શેલ્ડનના મતે આંતરસ્તર પ્રધાન ધરાવતી વ્યક્તિ (આવી વ્યક્તિ ઊંચી અને પાતળી હોય છે.)ની કૃતિ સામાજિક સંબંધો સાથે વધુ જોડાયેલી હોય છે. અને બાહ્યસ્તર પ્રધાન ધરાવતી વ્યક્તિ (આવી વ્યક્તિ ગોળમટોળ અને આરામપ્રિય હોય છે.)ની કૃતિ અલગ અલગ કલા સાથે જોડાયેલી હોય છે.

(ક) યુંગના મતે અંતર્મુખી વ્યક્તિની કૃતિ સમાજ દ્વારા થતા અત્યાચારો, સંઘર્ષો, એકલતા, સામાજિક અન્યાયના પ્રશ્ન સાથે જોડાયેલી હોય છે, અને તદ્દન તેનાથી વિરુદ્ધ પ્રકારની કૃતિ બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવનારની હોય છે.

૨. વ્યક્તિત્વ ગુણ (લક્ષણ)નો અભિગમઃ

(અ) ગોર્ડન ઓલપોર્ટના મતે માણસની ટેવો કરતાં તેના વ્યક્તિત્વ ગુણો વધુ વ્યાપક હોય છે. આવા વ્યક્તિના અહમ્‌ને

જ્યારે ઠેસ પહોંચે છે ત્યારે તેને રક્ષણ આપવા માટે તે કોઈ પણ પ્રવૃત્તિ કરવા માટે તૈયાર થઈ જાય છે. આવા સર્જકોની કૃતિ મોટા ભાગે, ન્યાય માટે, આક્રમકતા સાથે, સમાજ વિરોધી કામ સાથે સંકળાયેલી હોય છે. આ વિચાર તેને કરેલા દમનમાંથી આવેલો હોય છે.

(બ) રેમન્ડ કેટેલના મત મુજબ વ્યક્તિમાં મૂળ ૧૬ પ્રાથમિક ગુણો છે, જે બાહ્ય સપાટી પર પ્રગટ થાય છે. આવા લેખકોની રચનાઓ તમામ વિષય ઉપરની હોય છે. પણ તેમાં ઊંડાણપૂર્વકની વાતોનો સમાવેશ તથા ખૂબ જ તાર્કિક બાબતોનો સમાવેશ થતો નથી.

( ક ) આઈઝેન્કના મતે આવેગશીલ વ્યક્તિ ચિંતા, હતાશા, બેચેનીમાં ખોવાયેલ હોય છે, આવું વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિની સર્જનાત્મક રચના વેરઝેરી સાથેની, આત્મકેન્દ્ર સાથેની અને સમાજવિરોધી બાબતો સાથે જોડાયેલી હોય છે.

૩. મનોગત્યાત્મક અભિગમ:

(અ) આ કદાચ સૌથી લોકપ્રિય અભિગમ છે. આ અભિગમ વ્યક્તિના જીવનમાં આવતા સંઘર્ષો, પરિવર્તનો અને વ્યક્તિત્વ વિકાસ ઉપર અસર કરે છે. ફ્રોઈડના મનોવિશ્લેષણાત્મક અભિગમે વ્યક્તિત્વ મનોવિજ્ઞાન ઉપરાંત સામાન્યજન, સમાજવિજ્ઞાનીઓ, ચિંતકો, લેખકો, સાહિત્યકારો અને કલાકારો ઉપર પ્રભાવ પાડ્યો છે. ફ્રોઈડના મતે વ્યક્તિની મૂળભૂત પ્રેરણાઓ સાથે સંકળાયેલ બધા જ વિચારોને તેનું અજ્ઞાત મન છુપાવી રાખે છે અને તેનો સંગ્રહ કરે છે, કેમ કે એવા વિચારોને સમાજ અમાન્ય કરે છે, જેથી વ્યક્તિના સભાન મનમાં પીડાકારક સંઘર્ષો ઊપજે છે. વ્યક્તિએ કાં તો અજ્ઞાત આવેશોને સમાજ સ્વીકારે એવા સ્વરૂપમાં વ્યક્ત કરવા પડે છે, કાં તો આવેશોને બાહ્ય વર્તનમાં પ્રગટ થતા રોકવા પડે છે. માણસના આવા આવેશો સ્વપ્નમાં, કલ્પનાના તરંગોમાં, વિસ્મરણ વડે કે સાંભળવાની, બોલવાની, વાંચવાની, લખવાની, કંઈક કૃતિ સર્જન કરવાની વગેરે દ્વારા પ્રગટ થાય છે.

(બ) એરિક ફ્રોમના મતે માણસની ઇચ્છા સ્વતંત્ર બનવાની હોય છે. સાથોસાથ ન્યાય અને સત્ય માટે પણ સતત પ્રયત્ન કરતો રહે છે. આવું વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ પોતાની સુષુપ્ત શક્તિ પોતાના સાહિત્યમાં ન્યાય માટે, સ્વતંત્રતા માટે અને સત્યને માટે વાપરતો હોય છે.

(ક) એડલરના મતે દરેક વ્યક્તિમાં પસંદ કરવાની અને સર્જવાની શક્તિ હોય છે પણ તેનું લક્ષ્ય શું છે? તેના ઉપર તેની કૃતિ રચાયેલી જોવા મળે છે. ખાસ કરીને આવી વ્યક્તિ લઘુતા અને ગુરુતા ઉપરની કૃતિનું સર્જન કરતી હોય છે.

૪. માનવતાવાદી અભિગમ:

(અ) કાર્લ રોજર્સના સ્વ-સિદ્ધાંત મુજબ દરેક વ્યક્તિનું ધ્યેય સંપૂર્ણ રીતે કાર્યરત બનવું અને રહેવું એ છે. તેથી આ દિશામાં વ્યક્તિ પ્રયત્નો કરતી રહે છે. આવું વ્યક્તિત્વ ધરાવનાર સર્જક પોતાની કૃતિમાં મોટાભાગે બીજાના હક્કો અને

વર્તમાન જરૂરતોને ધ્યાનમાં રાખીને પોતાની સાહિત્યિક રચનાનું સર્જન કરતી હોય છે.

(બ) મેસ્લો પોતાના સ્વસાર્થકતાના સિદ્ધાંતમાં આત્મસંપન્નતાને મહત્વ આપતા એમ બતાવે છે કે વ્યક્તિ એ પોતાની પૂરેપૂરી શક્તિને કાર્યાન્વિત કરી હોય તે એટલે આત્મસંપન્નતા. માનવ અંગેનો મેસ્લોનો મત વિધાયક અને આશાવાદી છે. માનવ પાસે પ્રેમ, આનંદ અને સર્જકકાર્યની અંતર્ગત શક્તિ છે. આવું વ્યક્તિત્વ ધરાવતા સર્જકો કોઈ પણ વિષયને અલગ અલગ રીતે વિચારે છે. અને પોતાની શક્તિ પ્રમાણે તેને મૂલવવાનો પ્રયત્ન કરે છે. આવા વ્યક્તિઓની રચના કોઈ પણ ક્ષેત્ર સાથે સંકળાયેલી હોય છે.

(૧૩) સર્જકતા વધારવા માટેના સૂચનોઃ

૧. આસપાસની વસ્તુઓ, વ્યક્તિઓ કે ઘટનાઓ પ્રત્યે તમારી સંવેદનશીલતા વધારો.

૨. ઝીણવટથી નિરીક્ષણ કરવાનો મહાવરો કરો.

૩. પરિસ્થિતિમાં ગૂંચવાડો, અવ્યવસ્થા કે અસ્પષ્ટતા હોય તેને સહન કરી લો, એટલે કે તેમાં ધીરજ કે સ્વસ્થતા ગુમાવવી નહીં.

૪. અવરોધો, ભૂલો અને નિષ્ફળતાઓ આવવા છતા ખંત જાળવી રાખો.

૫. શક્ય એટલા લાંબા સમય સુધી મનને હળવું રાખો.

૬. પરિસ્થિતિઓ અને કાર્યો પ્રત્યે કંઈક હળવું અને વિધાયક મનોવલણ રાખો.

૭. વિક્ષેપો વિનાનું વાતાવરણ પસંદ કરો.

૮. વસ્તુઓમાં પરિવર્તન લાવવાનો કે તેને ફરીથી ગોઠવવાનો મહાવરો કરતા રહો.

૯. નવા વિચારોની અજમાયશ માટે મન ખુલ્લું રાખો.

૧૦. રોજના જીવનમાં નવીનતા લાવવાના પ્રયત્ન કરો.

૧૧. પોતાની સર્જનાત્મકતામાં વિશ્વાસ રાખો.

૧૨. બીજા લોકો સાથે વાતચીતમાંથી નવા વિચારો પકડી લો અને તેની તરત નોંધ કરો.

(૧૪) ઉપસંહારઃ

વિચારસર્જન કાર્યવાહીમાં બધાને સરખી તક હોવા છતાં હંમેશાં કેટલાક લોકો બીજાઓ કરતાં વધારે માત્રામાં અને વધારે ચડિયાતા નવા વિચાર રજૂ કરતા હોય છે. આ પરિસ્થિતિ પાછળ એક નહીં પરંતુ ઘણાં પરિબળો ભાગ ભજવતા હોય છે. જેમ કે વ્યક્તિત્વ, રસ, અભિરુચિ, ટેવ, વાતાવરણ, વારસો વગેરે. આ તમામ બાબત ઉપર સાહિત્યકારોનો આધાર હોય છે. આમ પણ સર્જનાત્મકતા તો દરેક વ્યક્તિમાં જોવા મળે જ છે પરંતુ તેનું ક્ષેત્ર અને દિશા અલગ અલગ હોય છે. માનવ મન જુદી જુદી દિશામાં કામ કરતાં હોય છે. તેથી દરેક માનવીના શોખ અને અભિરુચિ અલગ અલગ હોય છે. જે કવિઓ, લેખકો, સાહિત્યકારો, સર્જકો જે પણ રચના કરે છે તે તેના શોખના આધારે, દમિત વૃત્તિના આધારે કે વાતાવરણમાં ચાલતા રહેલા અલગ અલગ બનાવ કે ઘટનાને આધારે હોય છે. મોટાભાગના સર્જકોની રચનામાં તે દેખાઈ આવે છે કે સર્જક કાં તો પ્રકૃતિ પ્રિય છે કાં તો પોતાના દમિત આવેગો આક્રમક રીતે રજૂ કરનાર છે. આમ, સમાજના દરેક માનવી પાસે કંઈક ને કંઈક સર્જનશક્તિ તો પડેલી જ હોય છે. પરંતુ તે કેવી રીતે રજૂ કરે છે તે મહત્ત્વનું છે. અહીં કંઈક નવી રચનાઓ કરીને પોતાની સર્જનાત્મકતા રજૂ કરે છે.

સંદર્ભસૂચિ :

(૧) ઢીલા, બી.ડી. (૨૦૦૨), બીજી આવૃત્તિ, "મનોવિજ્ઞાનના ભાગ-૧ અને ૨", સમભાવ ચેરિટેબલ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ.

(૨) પરીખ, બી. એ. (૨૦૦૧), ચોથી આવૃત્તિ, "મનોવિજ્ઞાનના સંપ્રદાયો અને સિદ્ધાંતો", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૩) પરીખ, બી. એ. અને સહલેખકો (૨૦૦૯), છઠ્ઠી આવૃત્તિ, "મનોવિજ્ઞાનબુક ધોરણ-૧૧", ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.

(૪) પટેલ, સી. પી. (૧૯૯૧), પ્રથમ આવૃત્તિ, "સામાન્ય મનોવિજ્ઞાન", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૫) ભટ્ટ, કે. કે. (૧૯૮૧), પ્રથમ આવૃત્તિ, "વ્યક્તિત્વના સિદ્ધાંતો", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૬) ત્રિવેદી, એમ. એમ. (૧૯૯૮), દ્વિતીય આવૃત્તિ, "મનોવિશ્લેષણ શાસ્ત્ર", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.